# Banaskantha District Kelavani Mandal
# Managed
# R.R. Mehta College of Science & C.L. Parikh College of Commerce, Planpur

**<u>પ્રથમ વર્ષ સાયન્સ(B.Sc Sem-I) ગ્રાન્ટેબલ વર્ગોમાં બીજા તબક્કા માટે ના પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી</u>**

જુન -૨૦૨૨ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે B.Sc Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નક્કી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| બીજા તબક્કા માટે<br>ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની સમય મર્યાદા | તા. ૧૬/૦૭/૨૦૨૨ થી તા.૧૯/૦૭/૨૦૨૨ સુધી |
|---|---|
| ઓનલાઈન ફોર્મ ભરવા માટેની લીંક : **Click Here** | |

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmcsclpcc.ac.in પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈ થી ભરવી. ફોર્મમાં વિષયના ગ્રુપ (Subject Group) ની પસંદગી નો ક્રમ ચોકસાઈથી ભરવો. વિષય ગ્રુપની પસંદગીમાં પાછળથી કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે નહિ.

૩. મેરીટ માટે થીયરીના કુલ ૫૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૫૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.
નોંધ : માત્ર ગ્રેસીંગ સિવાયના જ Marks એન્ટર કરવાના રહેશે(e.g.: 33*=25+8* હોય તો માત્ર 25 જ એન્ટર કરવાના રહેશે.)

૪. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૫. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૬. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૭. **વિદ્યાર્થી પ્રવેશ મળેથી** કોલેજની વેબસાઈટ સતત ચેક કરતા રહેવું. મેરીટ યાદી માં નામ આવ્યેથી નિયત તારીખે Original Document Verification માટે કોલેજ માં રૂબરૂ આવવાનું રહેશે તથા વેરીફીકેશન બાદ ઓનલાઈન ફી ભરીને,તે જ દિવસે ફી ની પાવતી કોલેજ માં જમા કરાવવાની રહેશે. ત્યારબાદ જ તમારો પ્રવેશ માન્ય ગણાશે.

૮. Original Document Verification વખતે **નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.**

1. પ્રવેશ ફોર્મ, બે તાજેતર ના પાસપોર્ટ સાઈઝ ના ફોટા(પાછળ નામ અને ફોર્મ આઈડી નંબર લખવો)
2. પ્રવેશ ફી ની પાવતી (પહોચ.)
3. ધોરણ ૧૨ સાયન્સ ની માર્કશીટ [લેમીનેસન વગર]
4. ટ્રાયલ સર્ટીફીકેટ
5. શાળા છોડ્યા નું પ્રમાણ પત્ર (L.C.) [લેમીનેસન વગર]
6. અનામત વર્ગના વિદ્યાર્થીઓ એ જાતિ અંગે નો સક્ષમ અધિકારી નો દાખલો [SC,ST,OBC,EWS અને PWD/PH]
7. બક્ષીપંચ ના વિદ્યાર્થીઓ એ નોન–ક્રિમીલેયર હોવા અંગે નું પ્રમાણપત્ર.
8. જો અભ્યાસ માં તુટ પડી હોય તો તે અંગે નું ૨૦/- સ્ટેમ્પ પેપર સોગંદનામું.
9. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે PH અંગે સક્ષમ અધિકારી નું પ્રમાણપત્ર.
10. Provisional Eligibility Certificate [Only for Other Board's Students]
11. કોરોના રસીકરણ અંગે નું પ્રમાણપત્ર

12. આધાર કાર્ડ

13. Anti-Ragging Affidavit (વિદ્યાર્થી અને વાલી બંને નું) [પ્રવેશ ફી ભર્યા બાદ ઓનલાઈન જનરેટ થશે]

૯. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૨ પહેલાં પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૦. <u>અનામત બેઠકોની ફાળવણી:–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

૧. અનુસુચિત જાતિ માટે – ૭%
૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%
૩. બક્ષીપંચ માટે–૨૭%
૪. આર્થિક પછાત માટે–૧૦%
૫. શારીરીક વિકલાંગ માટે–૩%

૧૧. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. વિદ્યાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૧૨. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં નિયત સમય મર્યાદા માં અરજી કરવાની રહેશે.

૧૩. B.Sc Sem-I માં અભ્યાસનું માધ્યમ ગુજરાતી રહેશે.

૧૪. Gujarat Secondary and Higher Secondary Education Board,Gandhinagar સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર (Provisional Eligiblity Certificate)મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૧૫. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૬. પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ ગણાશે અને તેનો પ્રવેશ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૧૭. પ્રવેશફોર્મ ભરતી વખતે સીટ મેટ્રીકસ અવશ્ય ચેક કરવું. સીટ મેટ્રીકસમાં નીચે દર્શાવેલ ગ્રુપ સીલેકશન કરી શકાશે.

| Sr. No. | B.Sc. Sem. I & II | B.Sc. Sem. III & IV | B.Sc. Sem. V & VI |
|---|---|---|---|
| 1 | CHEMISTRY/PHYSICS/MATHEMATICS (CPM) | CHEMISTRY/PHYSICS (CP) | CHEMISTRY |
| 2 | PHYSICS/CHEMISTRY/MATHEMATICS (PCM) | PHYSICS/CHEMISTRY (PC) | PHYSICS |
| 3 | MATHEMATICS/PHYSICS/CHEMISTRY (MPC) | MATHEMATICS/PHYSICS (MP) | MATHEMATICS (SELF FINANCE) |
| 4 | PHYSICS/MATHEMATICS/CHEMISTRY (PMC) | PHYSICS/MATHEMATICS (PM) | PHYSICS |
| 5 | BOTANY/CHEMISTRY/ZOOLOGY (BCZ) | BOTANY/CHEMISTRY (BC) | BOTANY (SELF FINANCE) |
| 6. | CHEMISTRY/BOTANY/ZOOLOGY (CBZ) | CHEMISTRY/BOTANY (CB) | CHEMISTRY |
| 7. | PHYSICS/CHEMISTRY/BOTANY (PCB) | PHYSICS/CHEMISTRY (PC) | PHYSICS |

૧૮. પ્રથમવર્ષ (B.Sc. Sem.I & II) માં ગ્રુપમાં દર્શાવેલ ત્રણ વિષયો પૈકી પ્રથમ વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. દ્વિતીય વર્ષ (B.Sc. Sem.III & IV) માં ત્રણ વિષયો પૈકી છેલ્લો વિષય આપોઆપ નીકળી જશે અને પ્રથમ બે વિષયોનો અભ્યાસ કરવાનો રહેશે. ત્રીજા વર્ષ (B.Sc. Sem.V & VI) માં મુખ્ય વિષય તરીકે B.Sc. Sem.I માં રાખેલ પ્રથમ વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. પ્રથમ વર્ષમાં ગ્રુપ સીલેકશન કર્યા બાદ તૃતીય વર્ષ સુધી તેમાં ફેરફાર થઈ શકશે નહી, જેથી ગ્રુપ સીલેકશન કરવામાં ચોકસાઈ આવશ્યક છે.

૧૯. કોલેજમાં રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિષયો ગ્રાન્ટેબલ ધોરણે ચાલે છે. જયારે બાકીના તમામ વિષયોનો અભ્યાસ સ્વનિર્ભર વર્ગમાં કરવાનો રહેશે.

૨૦. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

**૨૧. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.**

**૨૨. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૧:00 થી 0૪:00 કલાકનો રહેશે. જયારે ટેલીફોનીક હેલ્પ લાઈન નો સમય બપોરે ૧૧:૩૦ વાગ્યા થી સાંજે ૦૫:૦૦ વાગ્યા(રજાના દિવસો સિવાય) સુધીનો રહેશે.**

૨૩. **આ પ્રવેશ પ્રક્રિયા ફકત** GSHEB(Gujarat Secondary and Higher Secondary Education Board) **માંથી પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે જ છે.** અન્ય બોર્ડ ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રકિયાના નીયમો સમાન રહેશે જયારે પ્રવેશ પ્રકિયા નો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

૨૪. કોરોના ની રસી નો પ્રમાણપત્ર નંબર અવશ્ય નોંધી રાખવો.

| **B.Sc. Semester I \| Fees Structure 2022-23** | |
|---|---|
| Grant-In-Aid [Boys] | **2900/-** |
| Grant-In-Aid [Girls] | **2300/-** |
| Self-Finance | **13500/-** |

**સ્થળ : પાલનપુર**
**તારીખ : ૧૬/૦૭/૨૦૨૨**

**આચાર્ય**